# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-01-2026** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

1. ભારત અને જર્મનીએ 19 મહત્વના સમજૂતી કરાર કર્યા અને આઠ મહત્વની જાહેરાત કરી
2. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, ભારત અને જર્મની આતંકવાદ સામેની લડાઇમાં એક છે.
3. જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેએત્સે કહ્યું જર્મની, ભારતને તેની સંરક્ષણ નિર્ભરતાને વૈવિધ્યકરણ કરવામાં મદદ કરશે.
4. પ્રધાનમંત્રીએ અમદાવાદમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનો પ્રારંભ કરાવ્યો.
5. કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલે કહ્યું, વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા વિકસિત ગુજરાત જરૂરી - રાજકોટ VGRCમાં એક હજારથી વધુ MoU પર હસ્તાક્ષર
6. બેંગ્લોરમાં રમાયેલી વિજય હઝારી ટ્રૉફી ક્રિકેટમાં ઉત્તરપ્રદેશ સામે સૌરાષ્ટ્રનો વિજય

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# India-Germany Joint Statement

ગાંધીનગરમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેએત્સે વચ્ચે ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળની વાટાઘાટો બાદ વ્યૂહાત્મક ભાગીદારીની 25મી વર્ષગાંઠ સાથે થયેલી આ મુલાકાતમાં ભારત અને જર્મનીએ દ્વિપક્ષીય ભાગીદારીને વધુ ગાઢ બનાવતાં સંરક્ષણ, ટેકનોલોજી અને સ્વચ્છ ઉર્જાના ક્ષેત્રોમાં 19 સમજૂતી કરાર અને આઠ મુખ્ય જાહેરાત કરી.

પ્રધાનમંત્રી અને ચાન્સેલર મેએત્સે આગામી યુરોપિયન સંઘ ભારત સમિટના મુખ્ય પરિણામ તરીકે ભારત-યુરોપિયન સંઘ મુક્ત વેપાર કરાર પૂર્ણ કરવા માટે તેમના સમર્થનનો પુનરોચ્ચાર કર્યો. જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેએત્સે સંકેત આપ્યો કે યુરોપિયન યુનિયન અને ભારત આ મહિનાના અંત સુધીમાં મુક્ત વેપાર કરાર પૂર્ણ કરી શકે છે.

આ મુલાકાતમાં બંને દેશ વચ્ચે સેમિકન્ડક્ટર, મહત્વપૂર્ણ ખનિજ સહયોગ, ટેલિકોમ્યુનિકેશન અને સંરક્ષણ ઔદ્યોગિક સહકાર વ્યૂહરચનાથી લઈને લશ્કરી હાર્ડવેરના સહ-વિકાસ અને સહ-ઉત્પાદન સુધીના ક્ષેત્રો પર ધ્યાન આપી અનેક સંયુક્ત ઉદ્દેશ્ય ઘોષણાપત્રો પર હસ્તાક્ષર થયા. બંને દેશોએ પ્રતિભા, ગતિશીલતા અને કૌશલ્ય સહયોગ પર વિશેષ ધ્યાન આપ્યું. આ મુલાકાતનો મુખ્ય મુદ્દો જર્મનીમાંથી પસાર થતા ભારતીય પાસપોર્ટ ધારકો માટે વિઝા-મુક્ત પરિવહન સુવિધાની જાહેરાત હતી.

આ અંગે સાંભળીએ એક અહેવાલ...

(વોઇસકાસ્ટ – અજય ઇન્દ્રેકર)

*બંને નેતાઓએ આર્થિક મોરચે વેપાર અને રોકાણને પ્રોત્સાહન આપવા માટે મુખ્ય કાર્યકારી અધિકારી ફોરમની સ્થાપનાનું સ્વાગત કર્યું. પર્યાવરણીય ટકાઉપણા માટે, જર્મનીએ "ગ્રીન એન્ડ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ પાર્ટનરશિપ" હેઠળ 1.24 બિલિયન યુરોની નવા ભંડોળની જાહેરાત કરી, જે PM ઈ-બસ સેવા અને ગ્રીન હાઇડ્રોજન જેવા પ્રોજેક્ટ્સને ટેકો આપશે.*

*બંને નેતાઓએ ગ્રીન ટેકનોલોજી, નવીનતા અને આબોહવા કાર્યવાહીમાં સહયોગ વધારવા માટે ભારત-જર્મની સેન્ટર ઓફ એક્સેલન્સ સ્થાપિત કરવાના નિર્ણયની પણ જાહેરાત કરી. તેમણે ભારતના નેશનલ ગ્રીન હાઇડ્રોજન મિશન હેઠળ સૌથી મોટા ઓફટેક કરાર પર હસ્તાક્ષરનું સ્વાગત કર્યું, જેના હેઠળ AM ગ્રીન યુનિપર ગ્લોબલ કોમોડિટીઝને ગ્રીન એમોનિયાનો પુરવઠો પૂરો પડાશે. સાંસ્કૃતિક ક્ષેત્રે, જર્મન મેરીટાઇમ મ્યુઝિયમના સહયોગથી લોથલમાં નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સના વિકાસ માટે એક કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. વધુમાં, બંને દેશો વચ્ચે સંસ્થાકીય સંબંધોને વધુ ગાઢ બનાવવા માટે ઉચ્ચ શિક્ષણ પર એક વ્યાપક રોડમેપનું આદાનપ્રદાન કરવામાં આવ્યું. આ મુલાકાત રમતગમત અને યુવાનો પર ખાસ ભાર મૂકીને પૂર્ણ થઈ, જેમાં યુવા હોકીના વિકાસ માટે એક નવા કરાર પર હસ્તાક્ષરનો સમાવેશ થાય છે.*

*અપર્ણા ખૂંટના અહેવાલ સાથે અજય ઇન્દ્રેકર, આકાશવાણી સમાચાર* અમદાવાદ..

----------

# PM - India Germany Gandhinagar

ગાંધીનગરમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેએત્સે વચ્ચે ઉચ્ચસ્તરીય બેઠક બાદ, ભારત અને જર્મનીએ સંરક્ષણ, વેપાર અને ટેકનોલોજી સહિત અનેક પહેલોની જાહેરાત કરી હતી.

આ પ્રસંગે પ્રધાનમંત્રીએ કહ્યું કે બંને દેશ વૈશ્વિક શાંતિ અને સ્થિરતા માટે પ્રતિબદ્ધ છે. તેમણે આતંકવાદ સામેની લડાઇમાં એક સાથે હોવાની વાત પર ભાર મૂક્યો હતો.

(BYTE- PM MODI ) TERRORISM

બંને નેતાઓએ ગ્રીન ટેકનોલોજી, નવીનતા અને આબોહવા કાર્યવાહીમાં સહયોગ વધારવા માટે ભારત-જર્મની સેન્ટર ઓફ એક્સેલન્સ સ્થાપિત કરવાના નિર્ણયની પણ જાહેરાત કરી.

(BYTE- PM MODI) EXCELLANCE CENTER

જર્મન ચાન્સેલર મેએત્સેએ કહ્યું જર્મની ભારતને તેની સંરક્ષણ નિર્ભરતાને વૈવિધ્યીકરણ કરવામાં મદદ કરશે.

. . . . . . . . . . . . .

# PM VISIT GANDHI ASHRAM PATANGOTSAV

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને જર્મનીના ચાન્સેલર ફ્રેડરિક મેંએત્સે આજે અમદાવાદમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનો પ્રારંભ કરાવ્યો. સાબરમતી રિવરફ્રન્ટ ખાતે યોજાયેલા મહોત્સવમાં બંને મહાનુભાવોએ પતંગ ચગાવવાની મજા માણી હતી. પતંગ મહોત્સવ બંને દેશની મૈત્રીનું પ્રતિક બન્યો હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

આ પહેલા બંને મહાનુભાવોએ સવારે સાબરમતી ગાંધી આશ્રમની મુલાકાત દરમિયાન રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

જર્મનીના ચાન્સેલર ફ્રેડરિક મૅએત્સે મુલાકાતી પુસ્તિકામાં એક સંદેશમાં લખ્યું કે, સ્વતંત્રતાની શક્તિ અને દરેક વ્યક્તિના મનમાં મહાત્મા ગાંધીનો અડગ વિશ્વાસ આજે પણ આપણને પ્રેરણા આપે છે. આ માનવીય વારસો ભારત અને જર્મનીના લોકોને મિત્રતા દ્વારા એકસાથે જોડે છે. વિશ્વમાં આજે પણ ગાંધીજીના ઉપદેશ એટલા જ પ્રસ્તુત છે.

. . . . . . . . . . . . . .

## VGRC MSME PIYUSH GOYAL

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે વિકસિત ભારત 2047 માટે ગુજરાત વિકાસ એન્જિન બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો. ગુજરાતના રાજકોટમાં વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ – VGRCમાં સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ – MSMEના સત્રને સંબોધતા શ્રી ગોયલે કહ્યું, વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા વિકસિત ગુજરાત જરૂરી છે.

**(BYTE: PIYUSH GOYAL, UNION MINISTER)**

આ બે દિવસની પરિષદમાં એક હજારથી વધુ MOU થયા.

----------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

## DR JITENDRA SINGH IIMA

કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલૉજી મંત્રી ડૉક્ટર જિતેન્દ્ર સિંઘે આજે ભારતીય વ્યવસ્થાપન સંસ્થા IIM – અમદાવાદમાં અંદાજે 40 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા ઉત્કૃષ્ટતા કેન્દ્રનું લોકાર્પણ કર્યું. દરમિયાન તેમણે પ્રદર્શનીમાં વિદ્યાર્થીઓએ તૈયાર કરેલી વિવિધ ચીજવસ્તુઓને નીહાળી માહિતી મેળવી હતી.

શ્રી સિંઘ બે દિવસના IIMA વૅન્ચર્સ સમિટમાં પણ ઉપસ્થિત રહ્યા. આ સમિટમાં ડીપટેક, ટકાઉપણા, નાણાકીય સમાવેશક અને IIM-A સ્થાપકો પર ધ્યાન કેન્દ્રીત કરાશે. તેનો ઉદ્દેશ અર્થપૂર્ણ સંવાદ, સહયોગ અને લાંબા ગાળાના માળખાકીય મૂલ્યને પ્રોત્સાહન આપવાનો છે.

----------

## VIJAY HAZARE TROPHY CRICKET

ક્રિકેટની વિજય હઝારે ટ્રોફી એલિટ સ્પર્ધામાં આજે સૌરાષ્ટ્ર-એ ઉત્તરપ્રદેશને હરાવ્યું. બેંગ્લોરમાં રમાયેલી મેચમાં ઉત્તરપ્રદેશે પહેલા બેટિંગ કરી નિર્ધારિત 50 ઓવરમાં આઠ વિકેટ ગુમાવી 310 રન બનાવ્યા હતા.

જવાબમાં ભારતે 40 ઓવર એક બૉલમાં ત્રણ વિકેટ ગુમાવી 238 રન કર્યા, પરંતુ મેચ વચ્ચે વરસાદ થતાં VJD એટલે કે, વિ. જયદેવન પદ્ધતિથી સૌરાષ્ટ્રની ટીમને વિજેતા જાહેર કરવામાં આવી છે. બીજી તરફ, બે વિકેટ અને 67 રન બનાવનારા સૌરાષ્ટ્રના ખેલાડી પ્રેરક માંકડને પ્લેયર ઑફ ધ મેચ જાહેર કરાયા હતા.

----------

## VNSGU - UNDER 11 AETHLETICS

સુરતમાં વીર નર્મદ યુનિવર્સિટી ખાતે રાજ્યકક્ષાની અંડર-૧૧ એથ્લેટિક્સ મીટની સફળ પૂર્ણાહુતિ થઇ હતી. રાજ્યભરમાંથી કુલ ૩ હજાર ૯૧૭ ખેલાડીઓએ તેમાં ભાગ લીધો હતો. જેમાં વિજેતા થયેલ ૧ હજાર ૫૬ સ્પર્ધકોને ચંદ્રક, પ્રમાણપત્ર સહિત ૨૨ લાખ રૂપિયાની ઈનામી રકમથી સન્માનિત કરાયા હતા.

વિજેતા બાળકોને રમત ગમત સત્તામંડળ દ્વારા લેવાતી જિલ્લા સ્તરીય રમત શાળામાં પ્રવેશ પરીક્ષા આપવાની સીધી તક મળશે.

----------

## NATIONAL YOUTH DAY

સ્વામી વિવેકાનંદજીની 163મી જન્મજયંતી નિમિત્તે રાજ્યમાં રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી કરવામાં આવી.

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ વિધાનસભા પરિસર ખાતે સ્વામી વિવેકાનંદજીના તૈલચિત્રને પુષ્પાંજલિ આપી. આ પ્રસંગે તેમણે કહ્યું કે, સ્વામી વિવેકાનંદજીના વિચાર ‘ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો’ પુરુષાર્થને કર્મ સમજીને જો દેશના યુવાનો કાર્ય કરશે ત્યારે જ  દેશને વિશ્વ ગુરુ બનાવવાનું સ્વામી વિવેકાનંદજીનું સ્વપ્ન સાકાર થશે..

સાબરકાંઠાના હિંમતનગર તાલુકાના દાવડ ગામમાં ‘રાષ્ટ્રીય યુવા દિવસ’ની  ઉજવણી થઇ, તેમાં યુવાનોને રાષ્ટ્રનિર્માણમાં યોગદાન આપવા અને સ્વામી વિવેકાનંદના આદર્શને જીવનમાં ઉતારવા પ્રેરિત કરાયા.

----------